## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### કૃમિનાશક યોગ

આંતરડામાં થતાં કૃમિ બાળકોને ખૂબ તંગ કરે છે. કેટલાક યોગ તૈયાર મળે છે. વૈદરાજની સલાહ લઈ વાપરી શકો છો. વિડંગારિષ્ટ, કૃમિ કુઠાર રસ, કૃમિ મુદગરરસ, કૃમિઘાતિની ગુટિકા, વિડંગાદિ લોહ, જમ્બિરદ્રવાસવ વિગેરે. દરેકની માત્રા, અનુપાન વિશે જોતા રહો.

# કેન્યાના હાઈવે પર રોડ અકસ્માતમાં ઓછામાં ઓછા 17નાં મોત

**અકસ્માતનો** ભોગ બનનારા મોટા ભાગના કેથોલિક તીર્થયાત્રીઓ

નૈરોબી, તા. 3 (AP): કેન્યાના દરિયાકાંઠાના શહેર મોમ્બાસા તરફ જતા હાઈવે પર શનિવારે અનેક વાહનો વચ્ચે થયેલા રોડ અકસ્માતમાં 17 લોકોનાં મોત થયાં છે, જેમાંથી મોટા ભાગના લોકો પ્રાર્થના સ્થળે જઈ રહેલા તીર્થયાત્રીઓ હતા. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, સલામા વિસ્તારમાં આ દુર્ઘટના મધરાત પછી બની હતી જ્યારે એક ટ્રક-ડ્રાઈવરે અન્ય ટ્રકને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે નિષ્ફળ ગયો. જેના કારણે તીર્થયાત્રીઓને વહન કરતી એક વેન સહિતનાં વાહનો સાથે અથડામણ થઈ હતી. પોલીસે જણાવ્યું કે, તે વેનના ડ્રાઈવર અને 16 મુસાફરો, જેમાંથી મોટા ભાગની મહિલાઓ હતી, તેઓનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. મોમ્બાસાના કેથોલિક આર્કીડાયોસિસના આર્કબિષપ માર્ટિન કિવુવાએ જણાવ્યું હતું કે, આ તીર્થયાત્રીઓ કેન્યાની રાજધાની નૈરોબીની પશ્ચિમમાં આવેલી નકુરુ કાઉન્ટીમાં એક પ્રાર્થના સ્થળે જઈ રહ્યા હતા. આર્કબિષપે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તેઓ અને અન્ય લોકો આ મૃત્યુથી ખૂબ જ દુ:ખી અને શોકમગ્ન છે. રાષ્ટ્રપતિ વિલિયમ રુટોએ શોકગ્રસ્ત પરિવારો, મિત્રો, ચર્ચના સભ્યો અને સમગ્ર કેથોલિક સમુદાય પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

# સદનસીબે બે વધારાના પાયલોટો વિમાનમાં હતા તેથી દુર્ઘટના ટળી ગઇ

**આ બંને** પાયલોટોને ફ્લાયદુબઇએ આ વિમાનમાં બેસાડ્યા હતા, તનાવગ્રસ્ત પ્રદેશમાં કેટલીક વખતે વધારાના પાયલોટ રખાય છે

**વિમાનને** સંભાળવામાં ૫ સેકન્ડ મોડું થયું હોત તો તે તૂટી પડ્યું હોત

ન્યૂયોર્ક, તા. ૩: ફ્લાયદુબઈની દુબઈથી ઈઝરાયેલના તેલ અવીવ જઈ રહેલી ફ્લાઈટમાં કુલ 4 પાઈલટ સવાર હતા. ઉડાન દરમિયાન કો-પાઈલટે ભારતીય પાઈલટ કેપ્ટન સ્મિત મચ્છર પર છરી વડે હુમલો કરી દીધો, જેનાથી તેઓ ઘાયલ થઈ ગયા. હુમલા પછી કેપ્ટને જેમ-તેમ કરીને કોકપિટનો દરવાજો ખોલ્યો. આ પછી વિમાનમાં બેઠેલા અન્ય 2 પાઈલટ કોકપિટમાં પહોંચ્યા અને વિમાનનું નિયંત્રણ સંભાળ્યું. તેમણે બોઈંગ 737 મેક્સ 8ને સુરક્ષિત રીતે સાઉદી અરેબિયામાં ઉતાર્યું.

એવિએશન સિક્યુરિટી એક્સપર્ટના જણાવ્યા અનુસાર, જો વિમાનને સંભાળવામાં અંદાજે 5 સેકન્ડ વધુ લાગી ગઈ હોત, તો તે એવી સ્થિતિમાં પહોંચી શક્યું હોત જ્યાંથી તેને ફરીથી ઉપર લાવવું અને ક્રેશ થતાં બચાવવું શક્ય ન હોત.

હવે સૌથી મોટો સવાલ એ છે કે 3.5 કલાકની આ ફ્લાઈટમાં 2 વધારાના પાઈલટ શા માટે હાજર હતા? એરલાઈન્સ નાની ફ્લાઈટમાં ફક્ત એ ડરથી વધારાના પાઈલટ નથી બેસાડતી કે જો મુખ્ય પાઈલટ્સને કંઈક થઈ જાય તો બીજો પાઈલટ કામ સંભાળી લે. એટલે કે આ ફ્લાઈટમાં 4 પાઈલટ હોવાનો અર્થ એ નહોતો કે એરલાઈને જાણી જોઈને 2 પાઈલટોને ઈમરજન્સી બેકઅપ તરીકે મોકલ્યા હતા. રિટાયર્ડ એરલાઈન કેપ્ટન અને એવિએશન સેફ્ટી સલાહકાર જોન કોક્સના જણાવ્યા અનુસાર, કોઈ નાની ફ્લાઈટમાં માત્ર સંભવિત વિલંબને પહોંચી વળવા માટે વધારાના પાઈલટ રાખવા એ સામાન્ય બાબત નથી. 2 ની જગ્યાએ 4 પાઈલટ રાખવાથી કંપનીનો ખર્ચ વધે છે. તેથી એરલાઈન્સ જરૂરિયાત મુજબ જ ક્રૂ રાખે છે. જોન કોક્સના જણાવ્યા અનુસાર બંને પાઈલટોને કદાચ તેમની આગામી ફ્લાઈટ માટે જરૂરી જગ્યાએ મોકલવામાં આવી રહ્યા હતા. પાઈલટોને અવારનવાર એવી ફ્લાઈટમાં મોકલવામાં આવે છે જેને તેઓ પોતે ઉડાડી રહ્યા નથી હોતા. તેમને તેમની આગામી ડ્યુટી વાળી જગ્યા સુધી પહોંચાડવા માટે આવું કરવામાં આવે છે. એવિએશન ઈન્ડસ્ટ્રીમાં આને 'ડેડહેડિંગ' કહેવામાં આવે છે. ફ્લાયદુબઈએ જણાવ્યું કે વિમાનમાં હાજર વધારાના પાઈલટ કંપનીની ડ્યુટી પર તૈનાત ક્રૂનો ભાગ હતા. આવા પાઈલટ કંપનીના કામથી મુસાફરી કરે છે, તેથી તેમને ડ્યુટી પર માનવામાં આવે છે અને તેમને પગાર મળે છે. તેઓ દારૂ પી શકતા નથી, જ્યારે યુનિફોર્મ પહેરવો જરૂરી હોતો નથી. એવિએશન એક્સપર્ટ્સના મતે, એક કારણ એ પણ હોઈ શકે છે કે તેલ અવીવથી દુબઈ પરત ફરતી ફ્લાઈટ માટે બીજા ક્રૂની જરૂર હોય. તનાવગ્રસ્ત પ્રદેશમાં ઘણી વખત આવા વધારાના પાયલોટ રખાય છે. ફ્લાયદુબઈએ એ સ્પષ્ટ નથી કર્યું કે આ બંને પાઈલટોને આ ફ્લાઈટમાં કેમ મોકલવામાં આવ્યા હતા. આ બંને પાયલોટોની ઓળખ હજી જાહેર કરવામાં આવી નથી.

## આજનું પંચાંગ

**તા. 04/10/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિ:** વદ: નોમ: 27:55- નવમી શ્રાદ્ધ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો-12
**યોગ :** પરિઘ, **કરણ:** તૈતિલ
**નક્ષત્ર :** પુનર્વસુ:- 24:14
**રાશિ:** મિથુન (ક,છ,ઘ) 18:33 પછી કર્ક (ડ,હ)
**દિવસ :** સૌભાગ્યવતીનું શ્રાદ્ધ
**સુરતમાં સૂર્યોદય :** 06:32 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:23
**નવકારસી :** 07:20
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 21મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 રબિઉલ આખર માસનો 22મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ
**રાહુ કાળ :** સાંજે: 16:30 થી 18.00 સુધી

**મેષ (અ,લ,ઇ,):** ગુસ્સા પર કાબૂ રાખવો. કોમ્યુનિકેશન અને સોશિયલ મિડીયાથી પ્રભાવ વધશે. જીવનસાથીનો સાથ મળે.
**વૃષભ (બ,વ,ઉ,):** બચતની યોજના બને. લાગણીઓના સંબંધ મજબૂત બને. આર્થિક વ્યવહાર અને લેવડ-દેવડ સાવધાની રાખવી.
**મિથુન (ક,છ,ઘ,):** આરોગ્ય સુધરે, રંગીન અને રસિક મુલાકાત થાય. આત્મવિશ્વાસ વધશે. સકારાત્મક વિચારોથી ઊર્જાનો અનુભવ થાય.
**કર્ક (ડ,હ,):** મોજ-શોખ પાછળ ખર્ચા અને પ્રવાસ થાય. વેપાર-ધંધા માટે સામાન્ય દિવસ પ્રેમ પ્રકરણમાં ધીરજ રાખવી.
**સિંહ (મ,ટ,):** મહત્ત્વાકાંક્ષાને

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

બળ મળે. વેપાર-ધંધામાં આવક વધે. રોકાણનું પરિણામ મળે. પ્રેમ પ્રકરણમાં તાલમેળ વધશે.
**કન્યા (પ,ઠ,ણ,):** વેપાર-ધંધામાં મહત્ત્વનાં ફેરફારથી લાભ થાય. નોકરીમાં અનુકૂળતા રહે. સમાજ જીવનમાં ઉત્સાહ વધશે.
**તુલા (ર,ત,):** ડિજિટલ કે ઓનલાઈન વેપારમાં પ્રગતિ થાય. જીવનસાથીનો સાથ મળે. આવક વધવાથી બચતની યોજના બને.
**વૃશ્ચિક (ન,ય,):** જોખમ લેવુ નહી. ખાસ કરીને નવા રોકાણ બાબતે અને પડવા વાગવાથી સાવધાન રહેવું. ખાવા પીવામાં સાવધાન.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** અટકેલા કામ અને ધન બાબતે પ્રગતિ થાય. પ્રેમમાં સંબંધો મજબૂત બને. માનસિક અને શારીરિક શક્તિનો સાથ મળે.
**મકર (ખ,જ,):** વાદ-વિવાદથી બચવું. ખર્ચા વધશે. પડવા-વાગવાથી સાવધાન રહેવું. હરીફો સક્રિય થશે. આત્મવિશ્વાસ વધશે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** અચાનક આવક વધારવાના નવા રસ્તા ખૂલશે. જીવનસાથીનો સાથ મળે. નવા વેપારી સંપર્કો વધશે.
**મીન (દ,ચ,ઝ,થ,):** પ્રોપર્ટી અને બાંધકામને લગતા કામ પાર પડે. નવી તક મળે. પેટની કાળજી રાખવી. આવક વધશે.

### કોઈ પણ સાલમાં 04 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં નવા ફેર-ફાર થાય. ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવા પડે. દોડધામ જવાબદારી, કાર્યબોજ અને સ્થાનફેરથી માનસિક અને શારીરિક થાક આરોગય પર અસર કરે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. વેપાર, ધંધા, સમાજ વગેરેમાં હરીફો વધશે. ઉઘરાણીની ચિંતા સતાવે. સરકારી કામ, કોર્ટ-કચેરીમાં મદદથી અટકેલા કામ પાર પડે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન બાબતે મધ્યવર્ષમાં સફળતા મળે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ રહે. વારસા, જાયદાદ, જમીન જેવો કામમાં વડીલોની મદદ મળે. ઉમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓની મહેનત ફળ, વિદેશના કામમાં ગતિ આવે. સ્ત્રી વર્ગ માટે વર્ષ અનુકૂળ રહે. ખાસ નોકરિયાતને મદદ મળતી રહે. પ્રેમ વિવાહમાં અનુકુળતા થાય. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંત મળે. જૂન-જુલાઈ, રવિ-સોમ-બુધવારે 04, 13, 22, 31 તારીખે નવાં કામ કરવાં. નીલા રંગનો ઉપયોગ વધારવો. નવેમ્બર- ડીસેમ્બરના શુક્ર-શનિવારે 07,16, 25 તારીખે નવા કામ ટાળવા. સફેદ રંગનો ઉપયોગ ટાળવો. રાહુના ઉપાય કરતા રહેવું.



## નીચે જણાવેલ સ્થાવર મિલકતોની વિગત

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩૮. | શ્રી સુનીલકુમાર મહાવીરપ્રસાદ શર્મા (કરજદાર) અને શ્રીમતી નિશા સુનીલકુમાર શર્મા (સહ-કરજદાર) **(સુરત મેઈન શાખા)** | રૂ. ૮,૪૧,૩૦૦/- તા. ૦૨.૦૩.૨૦૨૨ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો ઘરનો ફ્લેટ નં. ૪૦૫, ચોથો માળ, બિલ્ડીંગ બી-૮, રોયલ સ્ટાર ટાઉનશીપ, આર.એસ. નં. ૯૯, ૧૦૦/કે, બ્લોક નં. ૯૮, ટી.પી.એસ. નં. ૬૯ (ગોડાદરા), એફ.પી. નં. ૩૦, ગોડાદરા, સુરત-૩૯૪૨૧૦ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા : ● પુર્વે :** ફ્લેટ નં. ૪૧૨, **● પશ્ચિમે :** ફ્લેટ નં. ૪૦૮, **● ઉત્તરે :** ખુલ્લી જગ્યા, **● દક્ષિણે :** ફ્લેટ નં. ૪૦૬. | ૦૬.૦૯.૨૦૨૩ પ્રત્યક્ષ કબજો | રૂ. ૧૦,૪૪,૦૦૦/-<br>રૂ. ૧,૦૪,૪૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | વિકાસ ચૌરસિયા ચીફ મેનેજર, સુરત મેઈન શાખા, સુરત (મો) :+૯૧-૭૫૬૭૮૮૩૮૮૦ |
| ૩૯. | શ્રી અનીલ ધનજીભાઈ સાવલીયા **(ભોલાવ શાખા)** | રૂ. ૨૦,૬૪,૪૧૧/- તા. ૩૦.૦૭.૨૦૧૮ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો પ્લોટ નં. ૮૫, બ્લોક નં. ૨૬૯/એ, ક્ષેત્રફળ ૧૩૯.૪૫ સ્કે.મીટર, રામેશ્વરમ બંગલોઝ, વિલા પોલીટેકનીકની પાછળ, વિલા ઈન્સ્ટીટ્યુટ ટેકનોકલોજી પાસે, વાલીયા રોડ, વાલીયા, ભરૂચ-૩૯૫૧૩૫ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા : ● પુર્વે :** એન્ટ્રી, સોસાયૉટી ઈન્ટરનલ રોડ અને પ્લોટ નં. ૭૪, **● પશ્ચિમે :** પ્લોટ નં. ૯૨, **● ઉત્તરે :** પ્લોટ નં. ૬૬, **● દક્ષિણે :** પ્લોટ નં. ૮૪ | ૨૬.૧૦.૨૦૧૮ પ્રત્યક્ષ કબજો | રૂ. ૭,૬૦,૦૦૦/-<br>રૂ. ૭૬,૦૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૪૦. | શ્રી દિનેશભાઈ રામજીભાઈ કચ્છાડીયા **(વાવ શાખા)** | રૂ. ૧૯,૬૯,૦૩૧.૫૦ તા. ૩૦.૦૭.૨૦૧૮ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો પ્લોટ નં. ૮૪, બ્લોક નં. ૨૬૯/એ, ક્ષેત્રફળ ૧૩૯.૪૫ સ્કે.મીટર, રામેશ્વરમ બંગલોઝ, વિલા પોલીટેકનીકની પાછળ, વિલા ઈન્સ્ટીટ્યુટ ટેકનોકલોજી પાસે, વાલીયા રોડ, વાલીયા, ભરૂચ-૩૯૫૧૩૫ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા : ● પુર્વે :** એન્ટ્રી, સોસાયૉટી ઈન્ટરનલ રોડ અને પ્લોટ નં. ૭૪, **● પશ્ચિમે :** પ્લોટ નં. ૯૩, **● ઉત્તરે :** પ્લોટ નં. ૯૩, **● દક્ષિણે :** પ્લોટ નં. ૮૩ | ૨૬.૧૦.૨૦૧૮ પ્રત્યક્ષ કબજો | રૂ. ૭,૬૦,૦૦૦/-<br>રૂ. ૭૬,૦૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૪૧. | શ્રી અવનીતકુમાર ઠાકરાહીભાઈ ગોરાસીયા **(પાલ શાખા)** | રૂ. ૧૨,૬૯,૮૨૦/- તા. ૧૬.૦૪.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો પ્લોટ નં. ૬૭, આર.એસ. નં. ૨૮૭, ૨૮૮, ૨૯૧/૧, ૨૯૨, ૨૯૩, ૨૯૪, ક્ષેત્રફળ ૭૪.૪૨ સ્કે.મીટર, જે શ્રી રૂદ્ર રેસીડેન્સી, ગોકુલધામ ગ્રીન સિટીની પાસે, ઓમકાર હોમ્સની પાસે, શવકપુર, વેલંજા રોડ, શેખપુર, સુરત-૩૯૪૧૫૦ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા : ● પુર્વે :** પ્લોટ નં. ૧૦૬, **● પશ્ચિમે :** એન્ટ્રી, સોસાયટી રોડ અને પ્લોટ નં. ૬૨, **● ઉત્તરે :** પ્લોટ નં. ૬૬, **● દક્ષિણે :** પ્લોટ નં. ૬૮ | ૨૨.૦૯.૨૦૨૧ પ્રત્યક્ષ કબજો | રૂ. ૫,૩૦,૦૦૦/-<br>રૂ. ૫૩,૦૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૪૨. | શ્રી ધીરૂભાઈ વાલાભાઈ શિંઘાલા **(સહારા દરવાજા ટેક્ષટાઈલ માર્કેટ શાખા)** | રૂ. ૧૪,૧૧,૪૩૫.૪૧/- તા. ૨૭.૦૫.૨૦૨૪ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો પ્લોટ નં. ૧૨૪, બ્લોક નં. ૨૫૦/એ, ૨૫૦/બી, ૨૫૧, ૨૫૨, ૨૫૩, ૨૫૫/એ અને ૨૫૫/બી, નવું બ્લોક નં. ૨૫૦/એ, ક્ષેત્રફળ ૪૨.૩૮ સ્કે. મીટર યાને કે ૫૦.૬૯ સ્કે. યાર્ડ, જે શુભ નંદિની રેસિડેન્સી, શ્રી વિલા રેસીડેન્સી પાસે, કામરેજ-દેરોડ રોડ, દેરોડ, તાલુકા-કામરેજ, જિ. સુરત-૩૯૪૧૮૦ ખાતે આવેલ સ્થાવર મિલકત. **● ચતુરસીમા : ● પુર્વે :** પ્લોટ નં. ૯૭ થી લાગુ, **● પશ્ચિમે :** એન્ટ્રી અને ઈન્ટરનલ રોડ, **● ઉત્તરે :** પ્લોટ નં. ૧૨૫, **● દક્ષિણે :** પ્લોટ નં. ૧૨૩. | ૧૦.૦૯.૨૦૨૪ પ્રત્યક્ષ કબજો | રૂ. ૧૦,૦૦,૦૦૦/-<br>રૂ. ૧,૦૦,૦૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | ધીરજ બિષ્ટ ચીફ મેનેજર, સહારાદરવાજા શાખા, સુરત (મો) :+૯૧-૯૯૦૯૯૪૮૮૭૧ |
| ૪૩. | શ્રી મુન્ના સંમતરાય (કરજદાર), શ્રીમતી રાજશ્રી સંમતરાય (સહ-કરજદાર: **(વાવ શાખા)** | રૂ. ૧૦,૨૦,૨૨૪/- તા. ૧૯.૦૯.૨૦૨૫ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો પ્લોટ એરીયા ૪૦.૧૮ સ્કે. મીટર સાથે આર.સી.સી. ગ્રાઉન્ડ ફ્લોર અને સીડીની કેબીન સાથે કુલી રહેઠાણલાયક બાંધકામ, જે મિલકતનો વેલ્યુશન મુજબ રહેઠાણલાયક સોસાયટી, "આર્યા રેસીડેન્સી", પ્લોટ નં. ૧૬૪, મહાવીર નગર રેસીડેન્સીની પાછળ, સર્જન રેસીડેન્સીની સામે, કારેલી-ગંગાધરા રોડ, મોજે-કારેલી, તાલુકા-પલસાણા, જિ. સુરત, ગુજરાત-૩૯૪૩૧૦ ખાતે આવેલ સ્થાવર મિલકત. **● ચતુરસીમા : ● પુર્વે :** સોસાયટીના ઈન્ટરનલ રોડ થી લાગુ, **● પશ્ચિમે :** પ્લોટ નં. ૧૬૩ થી લાગુ, **● ઉત્તરે :** પ્લોટ નં. ૧૬૫ થી લાગુ, **● દક્ષિણે :** પ્લોટ નં. ૧૬૩ થી લાગુ | ૧૧.૦૪.૨૦૨૬ પ્રત્યક્ષ કબજો | રૂ. ૮,૨૫,૦૦૦/-<br>રૂ. ૮૨,૫૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૪૪. | શ્રી મુકેશકુમાર પરબતભાઈ હાપાણી **(ભટાર રોડ શાખા)** | રૂ. ૧૬,૫૧,૯૭૫/- તા. ૨૪.૦૬.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકત પ્લોટ નં. ૧૯૮, ક્ષેત્રફળ ૭૨.૦૦ સ્કે. યાર્ડ (કેજેપી મુજબ બ્લોક નં. ૧૯૬/૧૯૮, ક્ષેત્રફળ ૬૬૦૨૨ સ્કે.મીટર) સાથે અવિભાજીત સરખાભાગનો હિસ્સાનો ક્ષેત્રફળ ૩૩.૩૪ સ્કે.મીટર, રોડ અને સીઓપી વાળી, શ્યામ લેક સિટી, જે સ્થિત જમીનનો બ્લોક નં. ૧૯૬, ક્ષેત્રફળ ૧૧૬૫૪ સ્કે.મીટર, અને બ્લોક નં. ૨૨૦, ક્ષેત્રફળ ૧૮૯૦૮ સ્કે.મીટર, કન્સોલીડેશન પછી નવું બ્લોક નં. ૧૯૬, ક્ષેત્રફળ ૩૦૫૬૨ સ્કે.મીટર, ગામ-વેલંજા, તાલુકા-કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા : ● પુર્વે :** સોસાયટીનો ઈન્ટરનલ રોડ, **● પશ્ચિમે :** પ્લોટ નં. ૧૮૧, **● ઉત્તરે :** પ્લોટ નં. ૧૯૯, **● દક્ષિણે :** પ્લોટ નં. ૧૯૭. | ૧૭.૦૧.૨૦૨૨ પ્રત્યક્ષ કબજો | રૂ. ૧૧,૦૫,૦૦૦/-<br>રૂ. ૧,૧૦,૫૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | વિનોદ સોની ચીફ મેનેજર, ભટાર રોડ શાખા, સુરત (મો) :+૯૧-૭૫૬૭૮૮૩૮૬૩ |
| ૪૫. | શ્રી નીતેશ દેવશીભાઈ ગોધાણી (કરજદાર), કિરણબેન નીતેશભાઈ ગોધાણી (સહ-કરજદાર) **(ડુંભાલ શાખા)** | રૂ. ૧૫,૦૦,૭૪૯/- તા. ૦૭.૦૭.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | શ્રી નીતેશ દેવશીભાઈ ગોધાણી અને કિરણબેન નીતેશભાઈ ગોધાણીની માલિકની મિલકત જે પ્લોટ નં. ૮૨, (કેજેપી દુરષ્ટી મુજબ નવું બ્લોક નં. ૪૦/૮૨, ૭/૧૨ના રેકોર્ડ મુજબ ક્ષેત્રફળ ૪૬.૧૫ સ્કે.મીટર) યાને કે ૪૪.૯૦ સ્કે.મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો ક્ષેત્રફળ ૬.૬૩ સ્કે.મીટર સી.ઓ.પી. અને રોડનો ક્ષેત્રફળ ૧૨.૬૬ સ્કે.મીટર, સી-ટાઈપ, ગોકુલમ રેસીડેન્સી, જે જમીનનો રેવન્યુ સર્વે નં. ૫૪, બ્લોક નં. ૪૦, ગામ-વેલંજા, તાલુકા-કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. **● ચતુરસીમા : ● પુર્વે :** રોડ, **● પશ્ચિમે :** બ્લોક નં. ૪૧, **● ઉત્તરે :** પ્લોટ નં. સી/૮૧, **● દક્ષિણે :** પ્લોટ નં. સી/૮૩. | ૨૪.૧૨.૨૦૨૧ પ્રત્યક્ષ કબજો | રૂ. ૭,૨૦,૦૦૦/-<br>રૂ. ૭૨,૦૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૪૬. | શ્રી રાહુલ ધનજીભાઈ કચ્છાડીયા (કરજદાર), ધનજીભાઈ સવજીભાઈ કચ્છાડીયા (સહ-કરજદાર) **(લાલ દરવાજા શાખા)** | રૂ. ૧૬,૪૮,૬૯૧/- તા. ૦૧.૦૩.૨૦૨૦ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો પ્લોટ નં. ૩૩, ક્ષેત્રફળ ૪૨.૩૮ સ્કે.મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો ક્ષેત્રફળ ૧૫.૨૩ સ્કે. મીટર રોડ અને સીઓપી વાળી, વ્રજ નંદિની રેસીડેન્સી વિભાગ-૨, જે સ્થિત જમીનનો આર.એસ. નં. ૮૧/૧, ક્ષેત્રફળ ૧૯૦૦૮ સ્કે.મીટર, ગામ-નનસાડ, તાલુકા-કામરેજ, જિ. સુરત-૩૯૪૧૮૦ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા : ● પુર્વે :** સોસાયટીનો ઈન્ટરનલ રોડ, **● પશ્ચિમે :** પ્લોટ નં. ૬૮, **● ઉત્તરે :** પ્લોટ નં. ૩૨, **● દક્ષિણે :** પ્લોટ નં. ૩૪. | ૧૯.૦૮.૨૦૨૦ પ્રત્યક્ષ કબજો | રૂ. ૮,૮૭,૦૦૦/-<br>રૂ. ૮૮,૭૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | સંદીપ પ્રભાકર ચીફ મેનેજર, લાલ દરવાજા શાખા, સુરત (મો) :+૯૧-૭૫૦૬૦૬૧૪૫૧ |
| ૪૭. | શ્રી વિજયભાઈ અમરશીભાઈ ખોરાસીયા (કરજદાર), પારૂલબેન વિજયભાઈ ખોરાસીયા (સહ-કરજદાર) **(લાલ દરવાજા શાખા)** | રૂ. ૨૦,૮૧,૨૫૪.૮૫ તા. ૧૯.૦૪.૨૦૨૪ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો પ્લોટ નં. ૩૩, (કે.જે.પી મુજબ બ્લોક નં. ૮૧/૧/૩૩), ક્ષેત્રફળ ૪૨.૩૮ સ્કે.મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો ક્ષેત્રફળ ૧૫.૨૩ સ્કે. મીટર રોડ અને સીઓપી વાળી, વ્રજ નંદિની રેસીડેન્સી વિભાગ-૨, જે સ્થિત જમીનનો આર.એસ. નં. ૮૧/૧, ક્ષેત્રફળ ૧૯૦૦૮ સ્કે.મીટર, ગામ-નનસાડ, તાલુકા-કામરેજ, જિ. સુરત, ગુજરાત રાજ્ય ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા : ● પુર્વે :** પ્લોટ નં. ૩૨, **● પશ્ચિમે :** પ્લોટ નં. ૩૪, **● ઉત્તરે :** સોસાયટીનો રસ્તો, **● દક્ષિણે :** પ્લોટ નં. ૬૮. | ૨૦.૦૬.૨૦૨૪ પ્રત્યક્ષ કબજો | રૂ. ૮,૮૯,૯૨૦/-<br>રૂ. ૮૮,૯૯૨/-<br>રૂ. ૧૦,૦૦૦/- | સંદીપ પ્રભાકર ચીફ મેનેજર, લાલ દરવાજા શાખા, સુરત (મો) :+૯૧-૭૫૦૬૦૬૧૪૫૧ |
| ૪૮ | શ્રી અજયભાઈ ચંદુભાઈ ગોહીલ (કરજદાર), દિવ્યાબેન અજયભાઈ ગોહિલ (સહ-કરજદાર) **(વરાછા શાખા)** | રૂ. ૧૪,૫૯,૫૭૩/- તા. ૦૭.૦૧.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે જાણીતી મિલકતનો પ્લોટ નં. ૧૫૮, ક્ષેત્રફળ ૪૦.૧૫ સ્કે. મીટર, સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સા વાળો કોમન રોડ અને સીઓપી વાળી, શિવ દર્શન રેસીડેન્સી ના નામથી હાઉસિંગ એસ્ટેટ થી જાણીતી, જે જમીન નો આર.એસ. નં. ૪+૩૧૫+૩૧૫, ૩૧૦, ૩૧૧, ૩૧૨ અને ૩૧૩, બ્લોક નં. ૧૩, ક્ષેત્રફળ ૭૪૪૫ સ્કે. મીટર પૈકી, સબ પ્લોટ નં. ૨, ક્ષેત્રફળ ૩૩૮૧૮.૨૫ સ્કે.મીટર, ગામ-શેખપુર, સબ જિ. કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા : ● પુર્વે :** સોસાયટીનો રસ્તો, **● પશ્ચિમે :** પ્લોટ નં. ૧૭૫, **● ઉત્તરે :** પ્લોટ નં. ૧૫૭, **● દક્ષિણે :** પ્લોટ નં. ૧૫૯. | ૨૮.૧૦.૨૦૨૧ પ્રત્યક્ષ કબજો | રૂ. ૭,૫૦,૦૦૦/-<br>રૂ. ૭૫,૦૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૪૯. | શ્રી યોગેશ વિનોદ સુર્યવંશી, શ્રીમતી છાયાબેન વિનોદ સુર્યવંશી **(ઓરણા શાખા)** | રૂ. ૧૧,૭૧,૩૮૭/- તા. ૧૭.૦૫.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે મિલકતનો પ્લોટ નં. ૧૮૩ પૈકી, આશરે ક્ષેત્રફળ ૪૬.૮૨ સ્કે.મીટર (કેજેપી મુજબ ૮૬.૦૯ સ્કે. મીટર પૈકી ૪૬.૮૨ સ્કે.મીટર) સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો સીઓપી વાળી ક્ષેત્રફળ ૮.૪૧ સ્કે.મીટર અને રોડ-રસ્તોનો માર્જીનનો ક્ષેત્રફળ ૨૨.૩૨ સ્કે.મીટર, જોલવા રેસીડેન્સી જે તમામ હક્ક અને હિસ્સા વાળી જમીનનો બ્લોક નં. ૨૨૩, આર.એસ. નં. ૧૮૨, જે ગામ-જોલવા, તાલુકા-પલસાણા, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા : ● પુર્વે :** પ્લોટ નં. ૨૧૪, **● પશ્ચિમે :** સોસાયટીનો રસ્તો, **● ઉત્તરે :** પ્લોટ નં. ૧૮૪, **● દક્ષિણે :** પ્લોટ નં. ૧૮૩/એ | ૦૫.૦૭.૨૦૨૪ પ્રત્યક્ષ કબજો | રૂ. ૮,૮૪,૦૦૦/-<br>રૂ. ૮૮,૪૦૦/-<br>રૂ. ૧૦,૦૦૦/- | ગુંજન ગટાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) :+૯૧-૮૨૩૯૪૫૨૫૪૮ |
| ૫૦. | શ્રી રોશન મીઠુ નાથ, રેખા મીઠુ નાથ **(સગરામપુરા શાખા)** | રૂ. ૧૨,૨૮,૧૩૦/- તા. ૨૬.૦૪.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | જે રહેઠાણલાયક મિલકતનો ઘરનો પ્લોટ નં. ૫૨, શિવદર્શન હાઉસિંગ સોસાયટી, જે જમીનનો બ્લોક નં. ૨૨૩, ગામ-તાંતિથૈયા, તાલુકા-કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા : ● પુર્વે :** સોસાયટીનો કોમન રોડ, **● પશ્ચિમે :** પ્લોટ નં. ૭૧, **● ઉત્તરે :** પ્લોટ નં. ૫૩, **● દક્ષિણે :** પ્લોટ નં. ૫૧. | ૦૯.૧૨.૨૦૨૧ પ્રત્યક્ષ કબજો | રૂ. ૧૦,૫૭,૩૬૦/-<br>રૂ. ૧,૦૫,૭૩૬/-<br>રૂ. ૧૦,૦૦૦/- | અશોક બંગેરા ચીફ મેનેજર, સગરામપુરા શાખા, સુરત (મો) :+૯૧-૭૫૬૭૮૮૩૮૮૦ |

**નિરીક્ષણની તારીખ અને સમય : તા. ૧૪.૧૦.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૩.૦૦ કલાકે**
**ઈ-હરાજીની તારીખ અને સમય : ૨૧.૧૦.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ કલાકે**
**(બંધ કરતા પહેલા ૧૦ મિનિટનું ઓટો એક્ટેન્શન સાથે)**

- મિલકત પરના કરભાણની બેંકને ખબર હોય તેવી વિગત : ખબર નથી.
- ઈ-હરાજી વેચાણમાં ભાગ લેવા માટે, ઈચ્છુક બીડરોએ પોતાની વિગતો સર્વિસ પ્રોવાઈડર : https://baanknet.com ને વહેલી તકે રજીસ્ટર કરાવી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી લેવા. બીડરો https://baanknet.com ની મુલાકાત લે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડ્યો સાથે ગાઈડલાઈન્સ ઉપલબ્ધ છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે મહેરબાની કરીને બેંકની વેબસાઈટ : www.centralbankofindia.co.in પર આપેલ લિંક જુઓ.
- વધુ જાણકારી માટે -સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રીજનલ ઓફિસ, સુરત , શ્રી ગુંજન ગટાણી (ચીફ મેનેજર) મો. :+૯૧- ૮૨૩૯૪૫૨૫૪૮નો સંપર્ક કરી શકશો.
- વેચાણની શરતો અને નિયમો સિક્યોરીટી ઈન્ટરેસ્ટ નિયમો (એન્ફોર્સમેન્ટ), નિયમો ૨૦૦૨ની જોગવાઈઓ મુજબની જ રહેશે.

**સરફેસી કાયદા ૮(૬), ૨૦૦૨ અંતર્ગત ૧૫ દિવસની નોટીસ**

સુરક્ષિત લેણદારોની બાકી રકમની વસૂલાત તરફથી સ્થાવર મિલકતોના વેચાણ માટે ઉધારકર્તા/જામીનદારો/ ગિરવેદારોને સૂચિત કરવામાં આવે છે.

તારીખ : ૦૩.૧૦.૨૦૨૬ (વિવાદીત સ્થિતી માં અંગ્રેજી માન્ય ગણાશે.) સહી/-
સ્થળ : સુરત અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા


## અનુસંધાન... પાના પહેલાનું

### અલ-હમ્મામીના...

ના વધુ વિમાનો અને અન્ય એક ઈઝરાયેલી એરલાઈન 'આર્કિયા'નું વિમાન બતાવવામાં આવ્યું હતું.

આ વીડિયોના અંતમાં અયમાન અલ-ઝવાહિરી (જેણે ઓસામા બિન લાદેનના મૃત્યુ પછી અલ કાયદાનું નેતૃત્વ કર્યું હતું)નો ફોટો અને હુમામ ખલીલ અબુ-મુલાલ અલ-બલાવી (જેણે 2009ના આત્મઘાતી બોમ્બ બ્લાસ્ટમાં નવ લોકોની હત્યા કરી હતી)નો ફોટો આવે છે. તે પ્રોફાઇલ પરની બીજી પોસ્ટ મક્કા, મદીના અને જેરૂસલેમ - ઇસ્લામના ત્રણ સૌથી પવિત્ર સ્થળો - ને એક ચમકતી રેખા દ્વારા જોડતી AI-જનરેટેડ છબી દર્શાવે છે. બેકગ્રાઉન્ડમાં એક કવિતા વાંચવામાં આવી રહી છે, જેમાં અપમાનનો અસ્વીકાર કરવા, મૃત્યુથી ન ડરવા અને પોતાના સ્વાભિમાનનું રક્ષણ કરવાની વાત કરવામાં આવી છે. જો કે આ પોસ્ટ કોણે મૂકી અથવા અગાઉથી તે મૂકવાનો કાર્યક્રમ હતો - તે જાણી શકાયું નથી.


**પશ્ચિમ રેલવે**

**સિગ્નલિંગ વર્ક**

Sr. DSTE/ઉત્તર/મુંબઈ સેન્ટ્રલ, બીજો માળ, ડિવિઝનલ રેલવે મેનેજરની કચેરી, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400 008, ઈ-ટેન્ડર નં: SG_216_2_171_WA_PH53 માટે આમંત્રણ આપે છે. કાર્ય અને સ્થળ: મુંબઈ ડિવિઝન, વેસ્ટર્ન રેલવેના ADEN/દહાણુ રોડ હેઠળ વૈતરણા, સફાળે, કેળવે રોડ, બોઈસર, ઘોલવડ, પાલઘર અને દહાણુ રોડ ખાતે હાઇ-લેવલ પેસેન્જર પ્લેટફોર્મના વિસ્તરણના સંબંધમાં સિગ્નલિંગ આઉટડોર કામની સામગ્રીનો પુરવઠો, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. કામનો અંદાજિત ખર્ચ: રૂ.56,81,431.27. EMD : રૂ.1,13,600/-. ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવાનો બંધ થવાનો સમય અને તારીખ: 26.10.2026ના રોજ 15:00 કલાક સુધી. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 26.10.2026ના રોજ 15:30 કલાકે. ટેન્ડર વેબસાઇટ www.ireps.gov.in પર જોઈ શકાય છે. 0660

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**રેલવે ટ્રેક વર્ક્સ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), વેસ્ટર્ન રેલવે, 6ઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400 008. ઈ-ટેન્ડર નોટિસ નં: BCT/26-27/176 તા. 30/09/2026 આમંત્રિત કરે છે. કામ અને સ્થળ: વિરાર-જોરાવાસણ સેક્શન: ADEN/Valsadના ક્ષેત્રાધિકાર હેઠળના વિવિધ સ્ટેશનો પર હાઈ-લેવલ પેસેન્જર પ્લેટફોર્મનો વિસ્તાર. કામનો અંદાજિત ખર્ચ: રૂ.9,95,14,964.94. EMD: રૂ.19,90,300/-. અનુક્રમ નંબર: 2. ઈ-ટેન્ડર નોટિસ નં: BCT/26-27/177 તા. 30/09/2026. કામ અને સ્થળ: વિરાર - જોરાવાસણ: (i) TRR(P)-9.35 km. (ii) TFR-64.705 Tkm, MK-III ERC-23116 Nos.નું નવીનીકરણ & TBR (P&C)-25 sets. (iii) દહાણુ રોડ ખાતે હયાત પ્લેટફોર્મ નંબર 4/5ને 600M સુધી લંબાવવા અંગેનું ટ્રેક કામ. કામનો અંદાજિત ખર્ચ: રૂ.3,21,17,981.15. EMD: રૂ.6,42,400/-.બંને ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય: 27.10.2026ના રોજ 15:00 કલાક સુધી. બંને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 27.10.2026ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0658

અમને લાઇક કરો: facebook.com/WesternRly


### હોર્મુઝ સ્ટ્રેટમાં...

ભારતીય નાવિકો પ્રભાવિત થયા છે. વળી, આ હુમલાઓમાં 11 ભારતીય નાવિકોનાં મોત થયાં છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસવાલે આ પહેલા મંગળવારે જણાવ્યું હતું કે, આ ક્ષેત્રમાં ચાલી રહેલા વ્યાપારી જહાજો પર 4500થી વધુ ભારતીય નાવિકો સવાર છે. જયસવાલના જણાવ્યા અનુસાર, હાલમાં પર્સિયન ગલ્ફ (ફારસની ખાડી) માં ભારતીય ધ્વજ વાળા 6 કોમર્શિયલ જહાજો છે. આ ઉપરાંત 6 વિદેશી ધ્વજ વાળા જહાજો પણ છે, જે ભારત માટે સામાન લઈને જઈ રહ્યા છે. આ 12 જહાજો પર લગભગ 163 ભારતીય નાવિકો સવાર છે. વિદેશ મંત્રી એસ જયશંકરે 26 સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (યુએનજીએ) ની 81મી બેઠકમાં વ્યાપારી જહાજો અને નાવિકો પર થતા હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

### તેજસમાં વિલંબથી...

કે, જો બધું આયોજન મુજબ ચાલશે તો સરકાર આ ચાલુ નાણાકીય વર્ષ સુધીમાં MRFA સોદાને આખરી ઓપ આપવાનું વિચારી રહીA છે. હવાઈ દળ તેજસ વિમાનોને જલ્દી શામેલ કરવા માગે છે કારણ કે તેના ફાઈટર જેટ સ્ક્વોડ્રનની સંખ્યા ઘટીને ૨૯ રહી ગઈ છે. ફેબ્રુઆરી 2021માં સંરક્ષણ મંત્રાલયે HAL સાથે 83 તેજસ માર્ક-1A વિમાનો માટે 48,000 કરોડનો કરાર કર્યો હતો. વિમાનોનો પહેલો જથ્થો માર્ચ 2024માં મળવાનો હતો. જોકે, અત્યાર સુધી વાયુસેનાને એક પણ વિમાન મળ્યું નથી.

### સ્મિત પર હુમલો...

પણ સૂચવે છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કો-પાયલોટ અગાઉ 2024માં ઓમાનની રાષ્ટ્રીય એરલાઈનમાં તાલીમાર્થી તરીકે કામ કર્યું હતું, પરંતુ સીરિયામાં વિતાવેલા સમય દરમિયાન તે કટ્ટરપંથી જૂથોથી પ્રભાવિત થયો હોવાની આશંકાને કારણે તેને ઉડાન ભરવામાંથી હટાવી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને ઓમાન એરના વહીવટી વિભાગમાં મૂકવામાં આવ્યો હતો. આ બાબતોથી જાણકાર લોકોને ટાંકીને વૉલ સ્ટ્રીટ જર્નલે આ અહેવાલ આપ્યો હતો. અલ હમ્મામીને બાદમાં યુએઈ સ્થિત એરલાઈન ફ્લાયદુબઈ દ્વારા નોકરી પર રાખવામાં આવ્યો હતો, પરંતુ સહ-પાયલટની કેટલી હદ સુધી ચકાસણી કરવામાં આવી હતી તે તરત જ સ્પષ્ટ થઈ શક્યું નહોતું. જો કે, ગલ્ફના એક રાજદ્વારી દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે કે નોકરી પર રાખતા પહેલા તેની સામાન્ય સુરક્ષા તપાસ કરવામાં આવી હતી, પરંતુ એવું જણાય છે કે તે તપાસ મુખ્યત્વે તેના પર કોઈ ફોજદારી આરોપો હેઠળ દોષી સાબિત થયો છે કે નહીં તેના પર ધ્યાન કેન્દ્રિત કરતી હતી, અને કટ્ટરપંથના સંભવિત લક્ષણો જાણવા માટે તેની પૃષ્ઠભૂમિની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી ન હતી. અલ હમ્મામી, જેણે બ્રિટિશ યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો હતો, તેનો જન્મ UAEમાં થયો હતો અને તેની માતા સીરિયન છે. તેને તેના પિતા પાસેથી ઓમાની નાગરિકત્વ મળ્યું હતું.

### અમેરિકાના ક્લિવલેન્ડમાં...

હુમલામાં બદલાઈ ગઈ છે," એમ HAFના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સુહાગ શુક્લાએ X પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું. હુમલો કોણે કર્યો તે તરત સ્પષ્ટ થયું ન હતું, ભૂતકાળમાં અમેરિકામાં શીખ ખાલિસ્તાનવાદીઓએ અનેક હિન્દુ મંદિરો પર હુમલા કર્યા છે.

### શાંતિ માટે...

જ સારા વિચારો હોવાનું કહ્યાના એક દિવસ બાદ આ ટિપ્પણીઓ આવી છે. સિબિહાએ જણાવ્યું હતું કે સંભવિત યુદ્ધવિરામના પ્રસ્તાવો ભારત, તુર્કી, ઈજિપ્ત અને અમેરિકા તરફથી આવ્યા છે. તેમણે ઉમેર્યું કે કિઈવ યુદ્ધવિરામ માટેના વિવિધ સ્વરૂપો પર વિચાર કરવા તૈયાર છે, પરંતુ કોઈ પણ સમજૂતીમાં માત્ર સૈન્ય કાર્યવાહી જ નહીં, પરંતુ ઊર્જા અને બંદર માળખાકીય સુવિધાઓ પરના હુમલા અને બ્લેક સીની સ્થિતિનો પણ સમાવેશ થવો જોઈએ. ગુરુવારે પુતિને કહ્યું હતું કે મોદી, તેમના નજીકના સંબંધો હોવા છતાં, આ સંઘર્ષનો અંત લાવવાનો મુદ્દો સાતત્યપૂર્ણ રીતે ઉઠાવે છે અને બંને નેતાઓ વચ્ચેની દરેક બેઠકમાં આ બાબત ચર્ચે છે.

### 21 ગોલ્ડ, 85 મેડલ...

મિક્સ્ડ ટીમ ગોલ્ડ જીત્યો હતો. આ ઉપરાંત ગર્લ્સ રિકર્વ તીરંદાજી ટીમે કોરિયાને હરાવી પ્રથમ ગોલ્ડ મેળવ્યો હતો. બોક્સિંગમાં લવલીના બોરગોહેન, પરવીન અને અંકુશે ગોલ્ડ મેડલ પર કબજો કર્યો હતો, જ્યારે કુસ્તીમાં અમન સેહરાવત અને સુજીત કાલકલે ભારતની ઝોળીમાં ગોલ્ડ ઉમેર્યા હતા. આ સાથે પ્રણવી ઉર્સે ગોલ્ફમાં ઐતિહાસિક સિંગલ્સ ગોલ્ડ જીત્યો હતો, જ્યારે કબડ્ડી અને ક્રિકેટ સ્પર્ધાઓમાં ભારતે ધારણા મુજબ ગોલ્ડન સફળતા મેળવી હતી. હોકી અને ક્રિકેટમાં પુરુષ તથા મહિલા બંને ટીમોએ ગોલ્ડ મેડલ મેળવીને દેશનું નામ રોશન કર્યું હતું. ભારતનું આ પ્રદર્શન એશિયાઈ રમતગમતના ક્ષેત્રમાં તેની મજબૂત પકડ દર્શાવે છે.

### ગઈ વખતના...

**ગત 2022ની હાંગઝોઉ આવૃત્તિમાં ભારતે 28 ગોલ્ડ સાથે રેકોર્ડ 106 મેડલ જીત્યા હતા. તેની સરખામણીએ 2026માં ભારતના મેડલની સંખ્યામાં 21 મેડલનો ઘટાડો થયો છે (ગોલ્ડ મેડલમાં 7નો ઘટાડો).**

- **મુખ્ય ઘટાડોઃ શૂટિંગમાં 2022ના 22 મેડલ સામે આ વખતે 15 મેડલ જ મળ્યા, જ્યારે એથ્લેટિક્સમાં 29 મેડલ સામે 24 મેડલ મળ્યા.**
- **રોઈંગમાં મેડલ સંખ્યા 5થી ઘટીને 1 થઈ ગઈ, જ્યારે ટેનિસ અને ઘોડેસવારીમાં આ વખતે ભારતને કોઈ મેડલ મળ્યો નથી.**
- **2026 ની રમતોમાં ચેસનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો.**


**વડોદરા મહાનગરપાલિકા**

www.vmc.gov.in

**ઈ- ટેન્ડરીંગ જાહેરાત**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૪૫૮/૨૬-૨૭ | આઇ.ટી.ડિપાર્ટમેન્ટ | ૦૧ | ૧,૦૮,૯૯,૬૦૦/- |
| ૨ | ૪૬૫/૨૬-૨૭ | બિલ્ડીંગ પ્રોજેક્ટ | ૦૨ | ૧૬,૩૫,૬૫,૧૮૧/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૪૬૭/૨૦૨૬-૨૭ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

**पंजाब नैशनल बैंक** ...भरोसे का प्रतीक ! **punjab national bank** ...the name you can BANK upon !

પરબ : તા.કામરેજ, જી.સુરત. ફોનં. : ૦૨૬૨૧-૨૪૭૩૫૫ email: bo9974@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રીમતી રેખા સુનીલ મુડખે (દેવાદાર અને ગીરવેદાર) સરનામું :** પ્લોટ નં.૧૨૮, આરાધના પેલેસ, જોળવા ગામ,પલસાણા, સુરત-૩૯૪૩૦૫ **અને** ૧૮૦ પચંસીલ નગર ભાઠેના, સગરામપુરા, પુટીલ, સુરત સીટી, ગુજરાત-૩૯૫૦૦૨, **શ્રી તુલસીરામ ભીમરાય સીરાડે (દેવાદાર અને ગીરવેદાર) સરનામું :** ૧૮૧ પચંસીલ નગર ભાઠેના, સગરામપુરા, પુટીલ, સુરત સીટી, ગુજરાત-૩૯૫૦૦૨, કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન- પરફોર્મીંગ એસેટ( એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. આ લોનની ચુકવણી માટે **શ્રી મીલિંદ સંજય ખૈરનાર (જામીનદાર) - સરનામું :** પ્લોટ નં.૧૨૭, આરાધના પેલેસ, જોળવા ગામ,પલસાણા, સુરત-૩૯૪૩૦૫ એ જામીનગીરી આપેલ છે.તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

| અ. નં. | દેવાદારો /જામીનદારો ના નામ અને ખાતા નં. | સુરક્ષીત કરેલ મિલકતનુ સરનામુ વર્ણન | નોટીસની તારીખ | એનપીએ ની તારીખ | તા.૧૦.૦૮.૨૦૨૬ બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત) |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રીમતી રેખા સુનિલ મુડખે (દેવાદાર અને ગીરવેદાર) | મોર્ગેજ કરેલ સ્થાયી મિલકતો તમામ ભાગ અને હિસ્સો ધરાવતી 'આરાધના પેલેસ' તરીકે ઓળખાતી સોસાયટી નો પ્લોટ નં.૧૨૮, માપ ૪૮.૦૦ ચો.વાર, કેજેપી પછી બ્લોક નં.૨૯/૧૨૮ માપ ૪૦.૧૫ ચો.મી વણવહેચાયેલ હિસ્સા આશરે માપ ૩૧.૧૬ ચો.મી સીઓપી અને રોડ બ્લોક નં.૨૯ માપ ૨૬૦૪૨.૦૦ ચો.મી, મોજે ગામ. જોળવા, તા. પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. તા.૧૧/૦૭/૨૦૧૭ ના રોજ દસ્તાવેજ નં.૧ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ :** પ્લોટ નં.૧૦૯, **પશ્ચિમ તરફ :** જોડેની સોસાયટી આંતરીક રોડ **ઉત્તર તરફ :** પ્લોટ નં.૧૨૯, **દક્ષિણ તરફ :** પ્લોટ નં. ૧૨૭ | ૧૭.૦૮.૨૦૨૬ | ૨૯.૦૭.૨૦૨૬ | રૂ. ૭,૮૨,૮૮૬.૨૧/- |
| ૨ | શ્રી તુલસીરામ ભીમરાય સીરાડે (દેવાદાર અને ગીરવેદાર) | | | | |
| ૩ | શ્રી મીલિંદ સંજય ખૈરનાર (જામીનદાર) ખાતા નં. 997400NC00000752 | | | | |

ઉપરોકત દેવાદાર(રો) અને જામીનદાર ( જે પણ લાગુ હોય) ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિક્યોરિટાઈઝેશન એન્ડ રિ-કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ(૪) હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવદારનુ ધ્યાન દોરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૧૭.૦૮.૨૦૨૬ સ્થળ : સુરત અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક